# શિક્ષક ધારે તે બની શકે અને કરી શકે

**રચના**ત્મક કામ કરીને દરેક વ્યક્તિ વિશિષ્ટ-મહાન વ્યક્તિ બનવાનું પસંદ કરે છે, જે હકારાત્મક નિશાની છે. પણ તેમાં બધી વ્યક્તિ સફળ થતી નથી. તેવું શિક્ષકના વ્યવસાયમાં પણ બને જ. શિક્ષક બનનારના બે ભાગ પાડી શકાય. પ્રથમ એવા શિક્ષકો જે ખરેખર શિક્ષક બનવા માગતા હતા અને મહેનત કરીને પોતાની ઇચ્છાથી શિક્ષક બન્યા. બીજો ભાગ એવા શિક્ષકોનો છે કે જેઓ શિક્ષક બનવાની ઇચ્છા ધરાવતા ન હતા અને છતાં શિક્ષક બન્યા. ત્યારે પ્રથમ ભાગના શિક્ષકોને સલામ કરવી પડે, જ્યારે બીજા ભાગના શિક્ષકોને કહેવું પડે કે, ભાઇ ભલે તમારી ઇચ્છા ન હતી છતાં તમે શિક્ષક બની જ ગયા છો તો હવે તો શિક્ષકધર્મ પૂરી નિષ્ઠા અને ખાનદાનીથીબજાવો. શિક્ષક બનવાથી અનેક ફાયદા છે જે અગાઉ એક લેખમાં અહીં ચર્ચા કરી જ હતી. પણ શિક્ષક એક એવો વ્યવસાય ચે કે જેમાં તમે ધારો તેટલો સંતોષ મેળવી શકો છો અને વિકાસ પણ સાધી શકો છો.

**ચ**રવું અને ફરવું એ જ વ્યક્તિના ધ્યેય હોઇ શકે ? આમ તો દરેક વ્યક્તિના જીવનના ધ્યેય જુદા જુદા હોઇ શકે, પણ એક સામાન્ય ધ્યેય એ પણ હોવું જોઇએ કે, આપણે આ જગતમાં જન્મ્યા છીએ તો જગતને કશુંક આપીને જઇએ. એવું કશુંક કરીએ કે જેથી વધારેમાં વદારે બહોળો સમાજ તમારા કાર્યોની નોંધ લે. આમ કરવા ઘણાં લોકો સમાજસેવા તરફ વળી જાય છે, તો વળી કોઇ રાજકારણમાં ઝંપલાવે છે, તો વળી કોઇ સમસ્થાની સ્થાપના કરીને સમાજને કસુંક પ્રદાન કરવાનો પ્રયત્ન કરે છે, તો વળી કેટલાક લોકો સાધુ-સંત બનવાનું પસંદ કરે છે. મારી દષ્ટિએ સમાજસેવા કરવા માટેના ઉપરોક્ત તમામ રસ્તા કરતાં શિક્ષક કે શિક્ષણરૂપી રસ્તો સૌથી વધુ સારો લાગે છે. આજે ઘણાં રાજકારી કે કોઇ સંસ્થાને લોકો વગોવતા હોય છે, તો વળી એવા ઘણાં સાધુસંતો ચે કે જેઓ ઘેરઘેર ફરીને ખાવાનું માંગીને પોતાનું પેટ ભરતા હોય છે, તો વળી કોઇ સાધુ નાની સરખી મંડળી રચીને પોતાના ભક્તો ઊભા કરતા હોય છે, ત્યારે થાય કે આવા લોકો સાધુ ન બન્યા હોત તો સમાજે કશું જ ગુમાવવાનું નહતું.

**ના**નામાંથી મોટા બન્યાનો અહેસાસ થાય, એટલે કે યુવાનીમાં પ્રવેશ કરતાં જ વ્યક્તિએ પોતાના જીવનનું ધ્યેય નક્કી કરી લેવું જોઇએ અને તે ધ્યેયને પામવા માટે નિષ્ઠાપૂર્વકના અથાગ પ્રયત્નો કરવા પડશે. તો જ જે તે વ્યક્તિ અન્ય કરતાં અલગ પડીને, અન્ય કરતાં વદારે વિકાસ સાધીને સમાજમાં પોતાની ચોક્કસ ભૂમિકા ભજવી શકશે. આજે મોટાભાગે એવું જોવા મળે છે કે, વ્યક્તિ પોતાનું ધ્યેય પસમદ કરીને, જે તે કાર્યક્ષેત્રમાં કામ કરે છે. પણ તેમના કામમાં નવીનતા કે ગહનતા નહીં હોવાથી તેઓને પૂરતો સંતોષ મળતો નથી. પરિણામ સ્વરૂપ ક્યારેક તેઓ પોતાનો માર્ગ કે કાર્યક્ષેત્ર બદલે છે. મારી દષ્ટિએ આવા વ્યક્તિઓ અન્ય નવા ક્ષેત્રમાં ભાગ્યેજ સફળ થાય છે. કારણ કે, પોતાની પસંદગીનું પ્રથમ ધ્યેય પસંદ કર્યા પછી, કેટલાક વર્ષો તેમાં મહેનત કરીને, અનુભવ મેળવ્યા પછી તેઓ જ્યારે અન્ય ક્ષેત્રમાં જાય છે ત્યારે તેમની કામ કરવાની અડધી ઉંમર તો પૂરી થઇ ગઇ હોય છે. નવા ક્ષેત્રમાં નવેસરથી શીખવાનું , જાણવાનું અને કામ કરવાનું. મોટાભાગે વ્યક્તિં

જ્યારે ક્ષેત્ર બદલતો હોય છે ત્યારે નવા ક્ષેત્રમાં શરૂઆતના રસને કારણે વદારે મહેનત કરે છે. વધુ મહેનત પછી પણ પૂરતી સફળતા મળશે જ તેની કોઇ ગેરંટી હોતી નથી. નવા ક્ષેત્રમાં સફળ થવા માટે જેટલો રસ અને મહેનત કરવામાં આવે છે, તેટલા જ રસ અને મહેનતથી શરૂઆતના ક્ષેત્રમાં મહેનત કરે તો સફળતા મળવાની સંભાવના વધી જાય છે. સફળતા પરાપ્ત કરવા પાછળની આ ફિલસૂફી શિક્ષકના વ્યવસાયમાં ખૂબ જ જરૂરી બની જાય છે.

શિક્ષકના વ્યવસાયમાં પ્રવેશ કરી જ લીધો છે, તો તેમાં ખૂંપી જાવ. વિચારો તો ખરા કે, દર વર્ષે સો વિદ્યાર્થીઓ તમારા હાથ નીચેથી પસાર થતા હોય તો પાંત્રીસ વર્ષના ગાળામાં પાંત્રીસો વિદ્યાર્થી તમારા હાથ નીચેથી પસાર થયા. આ પાંત્રીસો વિદ્યાર્થીઓમાં તમે રેડેલા સંસ્કાર કે જ્ઞાનને કારણે તો જ નહીં પણ તેમના મા-બાપ પણ તમને જિંદગીભર યાદ કરતા રહેશે. એમાં પણ જો તમે વિશિષ્ટ શિક્ષક બનશો તો પાંત્રીસો વિદ્યાર્થી જ નહીં પણ પાંત્રીસ હજાર વ્યક્તિઓ તમારા ચાહક હશે. તેમાં પણ તમે રસ્તા પર જતાં હોવ કે કોઇ બસસ્ટેન્ડ પર ઊભા હોવ અને કોઇ વ્યક્તિ આવીને તમને પગે પડે, નમસ્કાર કરીને કહે કે, હું તમારો વિદ્યાર્થી હતો. આવા પ્રસંગે મળતો આનંદ પાંચ લાખની લાગતી લોટરી કરતાં વધારે હોય છે. જેને મમળાવવાની મજા અનેરી હોય છે. શિક્ષક પોતાના વિચારો, સંસ્કારો, માન્યતાઓ સરળતાથી વિદ્યાર્થીમાં ઢાલવી શકે છે, આમ કરતાં તે સમાજની ખૂબ જ મોટી સેવા કરે છે, જે સેવા સાધુસંતની સમાજસેવા કરતાં સહેજ પણ ઉતરતી નથી. શિક્ષક સિવાયનો એવો કોઇ જ વ્યવસાય નથી કે જેમાં તમને દરેક લોકો સાહેબ કહીને જ બોલવતા હોય. રાજ્યના મંત્રી હોય કે ન્યાયાધીશ હોય, જિલ્લાના પોલીસ વડા હોય કે કલેક્ટર હોય, નાનો સરખો પટાવાળો હોય કે મહાન સંત હોય, દરેક વ્યક્તિ શિક્ષકને સાહેબ કહીને જ બોલાવે છે. શિક્ષકના વ્યવસાયની મહત્તા માટે ઉપરોક્ત ઉદાહરણ પૂરતં નથી લાગતું?

શિક્ષક શું નથી કરી શકતો ? શિક્ષક દારે તો સરકાર બનાવી શકે છે અને ધારે તો સરકાર ગબડાવી પણ શકે છે. માટે જ ચાણક્યે કહ્યું હતું કે, શિક્ષક કભી સાધારણ નહીં હોતા. શિક્ષક રાષ્ટ્રપતિ પણ બની શકે અને વિજ્ઞાની પણ બની શકે. શિક્ષક સારો સંગીતકાર પણ બની શકે અને સારો વક્તા પણ બની શકે. શિક્ષક સારો લેખક પણ બની શકે અને સારો કવિ પણ બની શકે. શિક્ષક ધારે તે બની શકે તેમ છે. કારણ કે શિક્ષક અંદરથી જ નિષ્ઠાવાન, મહેનતુ, દૂરંદેશી હોય છે. જરૂર છે દરેક શિક્ષકે પોતાની શક્તિને જાણવાની. જાણ્યા પછી તેનો ઉપયોગ કરીને તે શક્તિને વધુ વિકસાવવાની. આ શક્તિને પોતાના તથા સમાજના વિકાસ માટે વાપરતો શિક્ષક મહાન વ્યક્તિ બની શકે. જે શિક્ષક આત્મવિશ્વાસથી ભરેલો હશે તેને માટે વિકાસ સાધવો સરળ બની જશે. તેમાં પણ ઝડપ લાવવી હોય તો શિક્ષણક્ષેત્રના અન્ય વિકસિત વ્યક્તિની આંગળી પકડી લો. તેઓ તમને રસ્તો બતાવશે. જરૂર છે માત્ર તમારા હકારાત્મક નિર્ણયની કે મારે શિક્ષક થકી મહાન બનવું છે. આજના સંજોગો અને સમાજને સાધુસંત કરતા સાચા-સારા શિક્ષકની વધુ જરૂર છે. અંતે આવા શિક્ષકોની **રચના** થાય તેવી શુભેચ્છા.